# ઓન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરવું




Ontario

2015 ઓન્ટારિયોનું અંદાજપત્ર

# અંદાજપત્ર 2015 : ઑન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરવું

વધુ જાણો
ONTARIO.CA/BUDGET

ઑન્ટારિયો પાસે એ સુનિશ્ચિત કરવા ચાર ભાગની યોજના છે કે આ પ્રાંત, બાળપણથી લઈને નિવૃત્તિ સુધી, રહેવા માટે શ્રેષ્ઠ જગ્યા છે અને અહીં દરેક પાસે તેમની પૂર્ણ ક્ષમતાનો અનુભવ કરવા માટે તક છે.

યોજના લોકોની પ્રતિભાઓ અને કૌશલ્યોમાં મૂડીરોકાણ કરે છે; સડક અને માર્ગ જેવી જાહેર મૂળભૂત સુવિધાઓનું નિર્માણ કરે છે, વેપાર માટે નવીનતાસભર અને ગતિશીલ વાતાવરણ સર્જે છે; અને ઑન્ટારિયોના કામદારો માટે સુરક્ષિત નિવૃત્તિ આવકનો પાયો હોય તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા નવી નિવૃત્તિ યોજના ઘડે છે.

વર્ષ 2014–15 માટેની ખાધ હવે 10.9 અબજ (બિલિયન) ડોલર રહેવાનું અનુમાન છે - વર્ષ 2014નાં અંદાજપત્રની આગાહી કરતાં સુધારો છે. વિવેકશીલ નાણાકીય પ્રબંધન અને કાર્યક્રમો અને મહત્ત્વની લોકસેવાઓ જેના પર લોકો આધાર રાખે છે તે આપવા માટે વધુ ચતુર અને વધુ સારા માર્ગો શોધવાની સાથે ઑન્ટારિયો વર્ષ 2017-18 સુધીમાં ખાધને નાબૂદ કરવા પ્રતિબદ્ધ રહે છે.

વર્ષ *2015 ઑન્ટારિયો અંદાજપત્ર* તમામ ઑન્ટારિયનો માટે નોકરીઓ સર્જતા, તકો વિસ્તારતા અને સમૃદ્ધિ સુરક્ષિત કરતા પ્રાથમિકતાવાળા મૂડીરોકાણો દ્વારા ઑન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરે છે.

# મૂળભૂત સુવિધા : ઑન્ટારિયોના ઇતિહાસમાં સૌથી મોટું મૂડીરોકાણ

ઑન્ટારિયો 10 વર્ષમાં જાહેર મૂળભૂત સુવિધામાં અભૂતપૂર્વ 130 અબજ (બિલિયન) ડોલરનું મૂડીરોકાણ કરી રહ્યું છે. સરકારની અસ્ક્યામતની મહત્તમ મૂલ્ય કરવાની યોજનામાંથી અપેક્ષા કરતાં વધુ નફો મળવાના કારણે પ્રાંત ઑન્ટારિયોને આગળ લઈ જવા માટે (Moving Ontario Forward) સમર્પિત ભંડોળમાં 2.6 અબજ (બિલિયન) ડોલરનો વધારો કરી 10 વર્ષમાં કુલ 31.5 અબજ ડોલર કરી રહ્યું છે:

- ગ્રેટર ટોરન્ટો અને હેમિલ્ટન એરિયા [Greater Toronto and Hamilton Area (GTHA)] માં માર્ગ પ્રકલ્પોમાં લગભગ 16 અબજ (બિલિયન) ડોલર; અને
- GTHAની બહાર પરિવહન તથા અન્ય પ્રાથમિકતાવાળા મૂળભૂત સુવિધાવાળા પ્રકલ્પોમાં 15 અબજ (બિલિયન) ડોલર.

વર્ષ 2015–16માં, ઑન્ટારિયો સડક, પુલો, જાહેર માર્ગો, પાણી પ્રણાલિ, હૉસ્પિટલો અને શાળાઓ જેવી મૂળભૂત સુવિધાઓમાં 11.9 અબજ (બિલિયન) ડોલરનું મૂડીરોકાણ કરવા યોજના કરી રહ્યું છે જેનાથી નોકરીઓ સર્જાશે અને અર્થતંત્રને ઉત્તેજન મળશે.

ઑન્ટારિયોના અર્થતંત્રને મજબૂત કરવા અને નોકરીસર્જનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અસ્ક્યામતોનું મૂલ્ય મહત્તમ કરવાની અને જાહેર માર્ગ, પરિવહન અને અન્ય પ્રાથમિકતાવાળા મૂળભૂત સુવિધાના પ્રકલ્પોમાં નફાનું ફરી મૂડીરોકાણ ટ્રિલિયમ ટ્રસ્ટ (Trillium Trust) દ્વારા કરવાની યોજના સાથે આગળ વધી રહી છે. યોજનામાં નીચેનાનો સમાવેશ થાય છે :

- ટકાઉ જાહેર લાભો સર્જવા માટે અને ચાલી રહેલી લોકસુરક્ષાઓ માટે Hydro Oneની માલિકીને વ્યાપક બનાવવી.
- વેચાણ માટે મહત્ત્વનાં સ્થળોએ આવેલી અનેક સ્થાવર સંપત્તિની સમીક્ષા કરવી.

# નોકરીઓ સર્જવા વેપાર સાથે ભાગીદારી કરવી

પુરસ્કૃત કરતી અને ઉચ્ચ ચુકવણી કરતી નોકરીઓ સર્જવા અને ઑન્ટારિયોના વેપારને સફળ અને વિકસવામાં મદદ માટે, પ્રાંત :

- નોકરી અને સમૃદ્ધિ ભંડોળ (Jobs and Prosperity Fund)માં વધુ ૨૦ કરોડ (૨૦૦ મિલિયન) ડોલરનું મૂડીરોકાણ કરશે જેનાથી વધુ વેપાર મૂડીરોકાણોને આકર્ષી શકાય, જેનાથી શોધ અને નોકરીસર્જનમાં ઊછાળો આવશે અને આમ, 10 વર્ષમાં કુલ મૂડીરોકાણ 2.7 અબજ (બિલિયન) ડોલરે લઈ જશે અને વન ઉદ્યોગ ક્ષેત્ર સુધી લાયકાત વિસ્તારાશે.
- નવી શોધ પહેલના સર્જનમાં સહભાગી થશે જે અનુભવી વરિષ્ઠ વેપાર અગ્રણીઓને એકત્ર કરશે. આ વેપાર અગ્રણીઓ ઑન્ટારિયોને આગળ વધારવામાં મદદ માટે તેમની મૂડી, જ્ઞાન અને નેટવર્ક લાવશે.
- લાયક વિશાળ ઉત્તરીય ઉદ્યોગ ભવનો જે નોકરીઓ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા ટકાવે છે તેમના માટે વીજળી મૂલ્યનિર્ધારણ સહાયને માર્ચ 2016 પછી પણ ચાલુ રાખશે.
- પ્રાદેશિક ધંધા અને મૂડીરોકાણ વધારવા ક્યૂબેક (Quebec) સાથે કામ કરશે.

# ઉચ્ચ કૌશલ્યવાળું કાર્યદળ વિકસાવવું

પ્રાંત આવતીકાલના મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરવા નીચેનાં પગલાં દ્વારા આજે લોકોમાં મૂડીરોકાણ કરે છે અને ઑન્ટારિયનને યોગ્ય કૌશલ્યો અને યોગ્ય નોકરીઓ મેળવવા માટે જરૂરી સહાય આપે છે :

- પ્રયોગાત્મક અભ્યાસ પ્રાયોગિક કાર્યક્રમો જેવી શોધ સાથે, શાળાપૂર્વ (પ્રિસ્કૂલ) અને આખા દિવસના બાલમંદિર (કિન્ડરગાર્ટન)થી લઈને અનુમાધ્યમિક (પોસ્ટ સેકન્ડરી) શિક્ષણ અને ધંધા પ્રશિક્ષુતા (એપ્રેન્ટેસશિપ) કાર્યક્રમો સુધી શિક્ષણ અને કૌશલ્ય પ્રશિક્ષણને સુધારવાનું ચાલુ રાખવું.
- ઑન્ટારિયો યુવા નોકરી રણનીતિ (Ontario Youth Jobs Strategy)માં આગામી બે વર્ષમાં અધિક 25 કરોડ (250 મિલિયન) ડોલરનું મૂડીરોકાણ કરીને યુવા રોજગાર કાર્યક્રમોમાં કુલ મૂડીરોકાણ 56.5 કરોડ (565 મિલિયન) ડોલર કરતાં વધુ સુધી લઈ જવું.
- વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાયને મજબૂત કરવા ઑન્ટારિયો વિદ્યાર્થી સહાય કાર્યક્રમ (Ontario Student Assistance Program)નું આધુનિકીકરણ કરવું.

# ન્યાયી સમાજ : ઑન્ટારિયોમાં રહેવું અને કામ કરવું

સમૃદ્ધ સમાજ મેળવવાનો નિશ્ચિત માર્ગ ઑન્ટારિયનોને તેમની પૂર્ણ ક્ષમતા સુધી પહોંચવા જરૂરી સહાય અને તક મળે તે સુનિશ્ચિત કરવાનો છે, તેથી પ્રાંત :

- પુખ્ત ઑન્ટારિયો કામ (Ontario Works) મેળવનારા અને ઑન્ટારિયો વિકલાંગતા સહાય કાર્યક્રમ લાભો (Ontario Disability Support Program Benefits) મેળવનાર વિકલાંગ લોકો માટે ઑન્ટારિયો સામાજિક સહાય દરમાં વધુ એક ટકાનો વધારો કરવો. સૌથી નિમ્ન આવકવાળા લોકો, ઑન્ટારિયોમાં કામ કરતા અને બાળકો વગરના એકલ પુખ્તોને અધિક વધારાની રકમ (top-up)મળશે.

- યુવા કાર્ય યોજના (Youth Action Plan)ના નવા તબક્કાનો અમલ કરવો - વાર્ષિક મૂડીરોકાણ જે વર્ષ 2015-16માં 1.4 કરોડ (14 મિલિયન) ડોલરથી શરૂ થાય છે અને વર્ષ 2016-17માં વધીને લગભગ 2.1 કરોડ (21 મિલિયન) ડોલર થાય છે - તેનો હેતુ જોખમમાં રહેલા યુવાનો માટે પરિણામ સુધારવાનો છે.

- જાતીય હિંસા અને સતામણી અટકાવવી અને *આ બરાબર નથી: જાતીય હિંસા અને સતામણી અટકાવવા એક કાર્ય યોજના* (*It's Never Okay: An Action Plan to Stop Sexual Violence and Harassment*) દ્વારા બચેલી વ્યક્તિ માટે સહાય સુધારવી.

- મૂડીરોકાણ દર વર્ષે સરેરાશ પાંચ ટકાથી વધુ અથવા આગામી ત્રણ વર્ષમાં 75 કરોડ (750 મિલિયન) ડોલરથી વધુ વધારીને ઘર અને સમુદાય કાળજી સેવાઓ સુધારવી.

- કામ કરતા ઑન્ટારિયનોનું નિવૃત્તિ માટે વધુ સુરક્ષિત ભવિષ્ય છે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા કાર્યસ્થળ પેન્શન યોજનાઓને મજબૂત કરવા તરફ આગળ વધવું અને વર્ષ 2017માં ઑન્ટારિયો નિવૃત્તિ પેન્શન યોજના (Ontario Retirement Pension Plan) દાખલ કરવી.

# જવાબદારીપૂર્વક પ્રબંધન કરવું

ઑન્ટારિયો તમામ ઑન્ટારિયનો માટે નોકરીઓ સર્જવા, તકો વિસ્તારવા અને સમૃદ્ધિ સુરક્ષિત કરવા માટે મૂડીરોકાણો કરવાનું ચાલુ રાખવાની સાથે, દરેક ખર્ચાતા ડોલર સામે શ્રેષ્ઠ સંભવિત મૂલ્ય આપવા માટે પ્રતિબદ્ધ છે. સરકાર આ કામ નીચેનાં પગલાં દ્વારા કરે છે :

- દરેક સરકારી ડોલર કેવી રીતે ખર્ચાય છે તેની તપાસ કરવી.
- વધુ સારી પસંદગીઓ કરવા અને પરિણામો સુધારવાં માટે પુરાવાઓનો ઉપયોગ કરવો.
- સેવાઓ આપવા માટેનો શ્રેષ્ઠ રસ્તો શોધવા સમગ્ર સરકાર તરફ નજર દોડાવવી.
- કાર્યક્રમ બચત માટે તકો શોધવા બહુ-વર્ષીય અભિગમ અપનાવવો.
- સામૂહિક ભાવતાલ પ્રક્રિયા દ્વારા વાટાઘાટ કરીને કરાતા કોઈ પણ મધ્યમ પગાર વધારા સામે બચત દ્વારા સંતુલન કરવું.

# 2015 ઑન્ટારિયો અંદાજપત્ર

અહીં વધુ જાણો

ONTARIO.CA/BUDGET

નિઃશુલ્ક (Toll Free):1-800-337-7222

ટીટીવાય નિઃશુલ્ક (TTY Toll Free):1-800-263-7776

©Queen’sPrinterforOntario,2015